કેન્સર સોસાયટીને યોગદાન આપવા રાજ્યપાલની અપીલ

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતના રાજ્યપાલ ડો. કમલાના અધ્યક્ષસ્થાને અમદાવાદમાં ગુજરાત કેન્સર સોસાયટી, અમદાવાદની ગવર્નિંગ કાઉન્સિલ અને જનરલ બોડીની વાર્ષિક સભા યોજાઈ હતી. રાજ્યપાલે બેઠકને સંબોધન કરતા જણાવ્યું હતું કે સેવા કાર્યો નિઃસ્વાર્થભાવથી અને સમાજના હિત માટે કરવામાં આવે તો તેમને અવશ્ય સફળતા પ્રાપ્ત થાય છે, તેનું જવલંત ઉદાહરણ ગુજરાત કેન્સર સોસાયટી છે.

ગુજરાતની હંમેશા માનવીય સેવા કાર્યો માટેની ગૌરવશાળી પરંપરા રહી છે. રાજ્યના શ્રેષ્ઠી-મહાજન તથા દાનવીરો આ પરંપરાના જનક છે. રાજ્યપાલે જણાવ્યું હતું કે કેન્સર સોસાયટીએ નવા પ્રોજેક્ટરો કુશળતાપૂર્વક હાથ ધર્યા છે. સંસ્થા દ્વારા આધુનિક ચિકિત્સા સુવિધાઓથી સુસજ્જ મેડિકલ કોલેજ અને કેન્સર હોસ્પિટલ દ્વારા કેન્સરના દર્દીઓની સારવાર-રોગ નિદાન તથા કેન્સર સંશોધન કર્યો કરવામાં આવી રહ્યા છે, જે પ્રશંસનીય છે. સંસ્થાએ લગભગ ૨૦,૩૮૭ દર્દીઓને રાહત દરે દવાઓ ઉપલબ્ધ કરાવી છે. ગરીબ દર્દી સહાયતા યોજના અંતર્ગત જરૂરતમંદ દર્દીઓને પણ મદદ કરવામાં આવી છે, એમ તેમણે જણાવ્યું હતું. સંસ્થા દ્વારા કેન્સર રોગ જાગૃતિ અભિયાન નિદાન તથા સારવારની જે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે, તેમાં સૌએ આગળ આવી તેમનું બહુમુલ્ય યોગદાન આપવું જોઈએ એમ તેમણે જણાવ્યું હતું. તેમણે સેવાભાવી સંસ્થાઓ અને સંપન્ન વર્ગોને અનુરોધ કર્યો હતો કે તેઓ કેન્સર સામેની ઝુંબેશમાં જોડાય અને નિર્ધન નિઃસહાય દર્દીઓને મદદરૂપ બને.

ગાંધીનગર જિલ્લામાં વધુ બે રિક્ષાચાલકો સામે જાહેરનામા ભંગ બદલ ગુના દાખલ

એસ.ઓ.જી.એ ઘ-રોડ પર ચેકીંગ કરતાં બે રિક્ષાઓમાં ડ્રાઈવરની ડીટેઈલ ન મળી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લામાં તાજેતરમાં પ્રસિધ્ધ કરાયેલા જાહેરનામા પ્રમાણે રિક્ષામાં ડ્રાઈવરનો ફોટો તથા તેના નામ-સરનામા અને મોબાઈલ નંબર સહિતની વિગતો ચોંટાડવી ફરજીયાત કરવામાં આવી છે. આ જાહેરનામા અનુસંધાને એસ.ઓ.જી. દ્વારા ગઈ કાલે ટ્રેકીંગ કરીને ત્રણ રીક્ષા ચાલકો અને આજે વધુ બે રીક્ષા ચાલકો સામે જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટની સુચનાથી જમાદાર ગૌતમભાઈ, પુનમભાઈ સહીત તેમની ટીમે ગઈ કાલે ચિલોડા સર્કલ પાસે ચેકીંગ કરીને રિક્ષામાં ફોટો તથા ડ્રાઈવરનું નામ-સરનામું અને મોબાઈલ નંબર સહિતની વિગતો ન લગાડનાર ત્રણ રીક્ષા ડ્રાઈવરો સામે કાયેદસરની કાર્યવાહી કરી સપાટો બોલાવ્યો હતો. આજે પણ આ ટીમે ઘ-૨ પાસે ચેકીંગ કરીને વિગતો ચોંટાડી છે કે નહી તેની ચકાસણી કરી હતી. તે પૈકી બે રીક્ષાચાલકોએ ડીટેઈલ ન ચીપકાવી હોવાનું ધ્યાને આવતા તે બંને ઘરમપુરના જયેસ રણછોડ પરમાર અને શાહપુરના પ્રવિણ રેવા વાઘેલા સામે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે.

શિયાળાની ઠંડી હવે ફુલગુલાબીમાંથી કાતિલ ઠંડીમાં ફેરવાતી જાય છે. આ સમયે ટાઢમાં ઠુંઠવાતા શહેરના જરુરિયાતમંદ લોકોને મદદરૂપ થવાના આશયે ગાંધીનગર મહાનગરના ભારતીય જનતા યુવા મોરચા દ્વારા સેકટર-૧૯ના જયશ્રી કૃષ્ણ પરિવારના સહકારથી જુના ગરમ કપડા દાનમાં મેળવી તેને ગરીબો સુધી પહોંચાડવાનો સેવા યજ્ઞ હાથ ધરાયો હતો. નગરના તમામ વોર્ડમાંથી ગરમ કપડા એકત્ર કરી ભાજપ યુવા મોરચા દ્વારા જરુરિયાતમંદો સુધી પહોંચાડવામાં આવનાર છે. આ પ્રશંસનીય કાર્યમાટે યુવા મોરચા અધ્યક્ષ પદમસિંહ ચૌહાણ તથા મંત્રી જીતેન્દ્રસિંહ અને તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી મોટી સંખ્યામાં નાગરિકોને પણ આ સેવા યજ્ઞમાં જોડયા હતા.

વૈષ્ણોદેવી સર્કલ પાસે કન્ટેનર પલ્ટી ખાઈ જતાં એકનું મૃત્યુ

અકસ્માત બાદ સાથીદાર ભાગી જતા મૃતકની હજુ ઓળખ થઈ શકી નથી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર નજીક વૈષ્ણોદેવી સર્કલ પાસેથી પસાર થઈ રહેલી કન્ટેનર ટ્રક અચાનક પલ્ટી મારી જતાં એક યુવાનનું મૃત્યુ નિપજ્યું હતું. આ યુવાન ડ્રાઈવર હતો કે કલીનર તે પણ સ્પષ્ટ થયું નથી કે ઓળખ પણ થઈ શકી નથી. તેની સાથેનો વ્યકિત પણ ભાગી ગયો હોવાથી પોલીસ દ્વારા હવે મૃતકની ઓળખ માટે કન્ટેનરના માલિક સુધી પહોંચવા તજવીજ હાથ ધરાઈ છે. પોલીસે ગુનો દાખલ કરીને તાપસનો દોર શરૂ કર્યો છે.

સરખેજ-ગાંધીનગર હાઈવે પરથી પંજાબ પાસીંગનું બંધ કન્ટેનર નં-પીબી ૦૫ વી ૯૬૧૬ પસાર થઈ રહ્યું હતું તે દરમિયાન વૈષ્ણોદેવી સર્કલ નજીક કન્ટેનર પલ્ટી ખાઈ ગયું હતું. અકસ્માતને નજરે જોનારાનું કહેવું છે કે અકસ્માત બાદ એક સાથીદાર ભાગી ગયો હતો જયારે કન્ટેનર પલ્ટી ખાઈ જતાં તેમાં એક આશરે ૩૦ થી ૩૫ વર્ષનો યુવાન મૃત હાલતમાં મળી આવ્યો હતો. આ કન્ટેનર પલ્ટી મૃત્યુ પામનાર યુવાન ડ્રાઈવર હતો કે કલીનર તે પણ હજુ સ્પષ્ટ થયું નથી કે તેનું નામ-ઠામ કે ઓળખ પણ થઈ શકી નથી. અગળજ પોલીસે મૃતદેહ પોસ્ટ મોર્ટમ કરાવતા મૃતકને પેટમાં જમણી બાજુ ઈજાઓ થવાથી મૃત્યુ થયાનું બહાર આવ્યું છે. પોલીસે ગુનો દાખલ કરીને તપાસ માટે કન્ટેનરના માલિકનો સંપર્ક સાધવા ગતિવિધી કરી છે તેના દ્વારા મૃતક સુધી પોલીસ પહોંચશે.

હિસાબી સેવાના કર્મચારીઓનો રજત જયંતિ મહોત્સવ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લાના હિસાબી સેવાના કર્મચારીઓની ધિરાણ સહકારી મંડળીને ૨૫ વર્ષ પૂર્ણ થતા રજત જયંતિ મહોત્સવ તા. ૪ જાન્યુઆરીના રોજ મનાવવામાં આવશે. રજત જયંતિ મહોત્સવ ડી.એ.ટી. કચેરી બ્લોક નં. ૧૭ જુના સચિવાલયના ગાર્ડનમાં સાંજે ૪-૦૦ કલાકે યોજાશે. કાર્યક્રમમાં મંડળીના સભાસદો, નિવૃત્ત તેમજ સ્વૈચ્છીક રાજીનામું આપેલ તમામ સભાસદોને હાજર રહેવા મંડળના પ્રમુખ જે.એન. સુથાર દ્વારા જણાવ્યું છે.

મેયરનાં પિતાની ગાડી ટ્રક સાથે ટકરાઈને ડિવાઈડર પર ચઢી ગઈ

મનુભા રાણાનો ચમત્કારીક બચાવ : ઓવરટેક દરમિયાન ચિલોડા-ગાંધીનગર રોડ પર બનેલી ઘટના

ગાંધીનગર, તા.૨૭

શહેરના પ્રથમ નાગરીક મહેન્દ્રસિંહ રાણાના પિતા સહકારી સંઘના આગેવાન મનુભા રાણા આજે બપોરના અરસામાં ચિલોડા-ગાંધીનગર માર્ગ પર વેગનઆર ગાડી લઈને આવી રહ્યા હતાં. તે દરમિયાન ઓવરેટક વખતે તેમની ગાડી લોડેડ ટ્રક સાથે ટકરાઈને ડીવાઈડર પર ચઢી ગઈ હતી. આ અકસ્માતમાં મનુભા રાણાનો સદનસીબે ચમત્કારીક બચાવ થવા પામ્યો હતો. અકસ્માત બાદ સમાધાન થઈ જતાં કોઈ પોલીસ ફરિયાદ નોંધાવા પામી ન હતી.

બપોરના અરસામાં ગાંધીનગરના મેયર મહેન્દ્રસિંહ રાણાના પિતા મનુભા રાણા તેમની વેગનઆર ગાડી નં. જીજે ૧૮ એ.એચ. ૮૨૨૮ લઈને તેમના પિતરાઈ કૌટુંબિક બહેનને બેસાડી ચિલોડા-ગાંધીનગર માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. એસ.પી. રીસોર્ટની સામેના માર્ગ પર ઓવરટેક કરતી વખતે ગફલતથી ગાડી એક લોડેડ ટ્રક સાથે અથડાઈ જતાં મનુભાએ સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દીધો હતો અને વેગનઆર ગાડી ફંગોળાઈને ડીવાઈડર પર ઘુસી ઘઈ હતી. ગાડીમાંથી મનુભાને બ્હાર કાઢી પ્રાથમિક સારવાર માટે લઈ જવાયા હતાં. જો કે સદભાગ્યે કોઈને ગંભીર ઈજાઓ થવા પામી ન હતી. આ ઘટનાની જાણ થતા ચિલોડા પોલીસ પણ તાબડતોબ બનાવ સ્થળે દોડી આવી હતી પરંતુ સમાધાન થઈ જતાં પોલીસ ફરિયાદ કરવાનું મનુભાએ ટાળ્યું હતું.

સરકારી વિજ્ઞાન કોલેજમાં કેન્ટીન ડે ઉજવાયો

વિવિધ વાનગીઓના કાઉન્ટરો પર થયેલ વકરો સે-૨૪ની ઝુંપડપટ્ટીના બાળકો માટે વાપરવાનો વિદ્યાર્થીઓનો નિર્ણય

ગાંધીનગર, તા.૨૭

ડીસેમ્બર માસ એ કોલેજોમાં વિવિધ ડે ઉજવવા માટે જાણીતો છે. કોલેજના વિદ્યાર્થીઓ આ માસ દરમિયાન કોલેજ જવાનું ચુકતા નથી અને અવનવા ડેઝ ઉજવી તેમની કોલેજ લાઈફને યાદગાર બનાવતા હોય છે. આવા ડેઝ ઉજવવા પાછળ તેમનામાં રહેલી પ્રતિભા બહાર આવે તે માટેનો હોય છે. સે-૧ પમાં આવેલ સરકારી વિજ્ઞાન કોલેજમાં આજે કેન્ટીન ડે ઉજવાયો હતો જે અંતર્ગત વાનગીઓની હરિફાઈ પણ યોજવામાં આવી હતી.

રોઝ ડે, ચોકલેટસ ડે અને સીગ્નેચર ડે જેવા ડેઝ સરકારી વિજ્ઞાન કોલેજમાં ઉજવાતા નથી પણ કેન્ટીન ડેની ઉજવણીમાં લગભગ ૬૫૦થી ૭૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સતત ત્રીજા વર્ષે ઉજવાયેલ આ દિવસે વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વાનગીઓના લગભગ ૪૧ જેટલા કાઉન્ટર્સ બનાવાયા હતા. જેમાં ચોકલેટસ, ઈડલી, ભેળ, પીત્ઝા જેવી અનેક વાનગીઓ વિદ્યાર્થીઓએ જાતે બનાવી તેનું વિતરણ કર્યું હતું. અને લગભગ રૂ. ૨૪૦૦૦ જેટલી માતબર રકમ પણ એકઠી કરી હતી. જેને સે-૨૪માં આવેલ ઝુંપડપટ્ટીના બાળકો માટે વિવિધ અભ્યાસપયોગી સાધનોનું મફત વિતરણ કરી સારા માર્ગે વાપરવાનો નિર્ધાર કરવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં ટીવાયબીએસી બોટનીના વિદ્યાર્થીઓએ સૌથી વધુ ત્રણ હજારનો વકરો કર્યો હતો.

આ વર્ષે અગાઉના વર્ષો કરતા વિક્રમજનક વકરો થવાથી વિદ્યાર્થીઓનો ઉત્સાહ બેવડાઈ ગયો હતો. ગત વર્ષે આ રીતે એકઠી થયેલી રકમને સે-૭ના ચાઈલ્ડ હેવન અનાથાશ્રમના બાળકોને નોટબુકો અને ચોપડા જેવી સ્ટેશનરી લાવી આપીને વાપરવામાં આવી હતી જયારે આ વર્ષે સે-૨૪ની ઝુંપડપટ્ટીના ગરીબ બાળકોને અભ્યાસ સામગ્રી માટે વાપરવાનું વિદ્યાર્થીઓએ ઠરાવ્યું છે. તેવી માહિતી વિદ્યાર્થી પ્રતિનિધિ સભાના ચેરમેન ડૉ. તારક ઠકકરે આપી હતી.

આ વાનગી હરિફાઈમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંકના વિજેતાઓને સન્માનવામાં આવ્યા હતા તેમજ કોલેજના આચાર્યા કુ. પી.એ. વાઢેરે વિદ્યાર્થીઓની સમાજને મદદરૂપ થવાની ભાવનાને બિરદાવી હતી.

જી.ઈ.બી. એન્જીનીયર્સનું ૨૪મું ત્રિ-વાર્ષિક અધિવેશન કોબા ખાતે યોજાશે

ગાંધીનગર, તા.૨૭

ગુજરાત વિદ્યુત બોર્ડ જી.યુ.વી.એન.એલ. સંલગ્ન વીજ કંપનીઓના સમગ્ર ઈજનેરોનું ૨૪મું ત્રિવાર્ષિક અધિવેશન યોજવામાં આવશે. જેમાં સમગ્ર ગુજરાતમાંથી આશરે ૩૫૦૦ જેટલા ઈજનેરો ઉપસ્થિત રહેશે.

પ્રેક્ષા ભારતી કોબા ખાતે તા. ૨૯ ડિસેમ્બરના રોજ જીઈબી એન્જીનીયર્સ એસોસિએશન દ્વારા ૨૪મું ત્રિ વાર્ષિક અધિવેશન યોજવામાં આવશે. અધિવેશનમાં ઉર્જા પ્રધાન સૌરભભાઈ પટેલ, ધારાસભ્ય શંકરભાઈ ચૌધરી ઉપસ્થિત રહેશે.

અધિવેશનમાં તા. ૨૮ અને ૨૯ ડિસેમ્બર દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવશે. જેમાં તા. ૨૮ રાત્રે ૮ કલાકે જાણીતા હાસ્ય કલાકાર ધીરુભાઈ સરવૈયાનો હાસ્ય દરબાર યોજાશે. તેમજ તા. ૨૯ સવારે ૧૦ થી ૧ દરમિયાન જી.બી.યાના ઈજનેરોની સામાન્ય સભા યોજાશે. આ પ્રસંગે ત્રણ વર્ષના સમયગાળા માટે જી.બી.યાના હોદેદારોની વરણી કરવામાં આવશે.

શહેર અને ચિલોડામાં સ્કોલરશીપ ટેસ્ટ યોજવામાં આવી

શ્રી સ્ટાર સાયન્સ એજ્યુકેશન દ્વારા ડ્રીમ ૨૦૧૪ સ્કોલરશીપ ટેસ્ટ તા. ૨૫ ડિસેમ્બરના રોજ યોજવામાં આવી હતી. સ્કોલરશીપ ટેસ્ટમાં સી.બી.એસ.ઇ. અને જી.એસ.ઈ.બી.ની શાળાઓના ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્કોલરશીપ ટેસ્ટ ગાંધીનગરમાં સેકટર-૨૩ અને ચિલોડા મોટા ખાતે આવેલી ઓમ લેન્ડ માર્ક સ્કૂલ ખાતે યોજવામાં આવી હતી. ટેસ્ટ દરમિયાન ઉપસ્થિત થયેલ વિદ્યાર્થીઓની સાથે ક્રિસમસ સેલીબ્રેશન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તમામ વિદ્યાર્થીઓને ચોકલેટ આપી વિદ્યાર્થીઓનું મોં મીઠું કરાવવામાં આવ્યું હતું. ટેસ્ટને સફળ બનાવવા મૌલિક પટેલ, મનીષ દિવેટીયા, ગૌરવ કોઠિયા સહિતના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૬
સૂર્યાસ્ત : ૬.૧૪

તાપમાન

મહત્તમ : ૨૬.૮ ડિ.સે.
લઘુત્તમ : ૧૪.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૪ ટકા ● સાંજે 33 ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૧૧.૧૦, ૨.૪૦, ૬.૨૫, ૧૦.૧૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૯.૧૦, ૧૨.૪૦, ૪.૨૫, ૮.૧૦
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૦.૧૦, ૫.૨૫, ૯.૧૦
મહાભારત (એનીમેટેડ) : ૧.૪૦
: સ્ક્રીન-૪ :
ધૂમ-૩ : ૮.૧૦, ૧૧.૪૦, ૩.૨૫, ૧૦.૫૫
મહાભારત (એનીમેટેડ) : ૭.૧૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૧.૩૦, ૩.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

ધૂમ-૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંટડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૧૦.૩૦, ૨.૦૦, ૫.૩૦, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
આર..કુમાર : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

વિરાગ, કલોલગ, કલોલ

ધૂમ-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આંબેડકર હોલ

- બાવીસ ગામ કડવા પાટીદાર પેટા સમાજ ગાંધીનગર દ્વારા સાંજે ૪.૦૦ કલાકે સામાજિક કાર્યક્રમ.

ટાઉન હોલ

- કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા નાટક 'મન મળે ત્યાં મેળો' રાત્રે ૯.૩૦ કલાકે.

આપની આજ

મેષ : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

વૃષભ : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું.

મિથુન : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

કર્ક : મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપાર માં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

સિંહ : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

કન્યા : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

તુલા : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શકયતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

ધન : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

મકર : વ્યવસાયિક યોજનો અધૂરી રહેશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરશો.

કુંભ : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

મીન : ઈચ્છિત કાર્ય થશે. વિરોધી સમજૂતી કરશે. સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

ચિરવિદાય

- સ્વ. રમીલાબેન મણીલાલ પટેલ (ઉ.વ. ૫૪)ચરેડી રોડ, મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. મંજૂલાબેન ભુજંગીલાલ ઉપાધ્યાય (ઉ.વ. ૭૮)૬૦-સહકાર કોલોની, સેકટર-૨૫, ગાંધીનગર.
- સ્વ. આશાબેન નિધીશભાઈ મજમૂદાર (ઉ.વ. ૭૬)બી/૫/૧૭૭, સાધના એટીપીએલ, મુ.પો. અડાલજ, તા., જિ. ગાંધીનગર.